હું રાજીનામું નહીં આપું : મનમોહનસિંહ

નવી દિલ્હી, તા.૩૧

ઈરાનથી પરત ફરતી વેળા વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યું હતું કે કોલસા બ્લોકની ફાળવણીનાં મામલામાં રાજીનામું આપવામાં કોઇ પ્રશ્ન નથી. કોલસા બ્લોક ફાળવણીનાં મામલે મડાગાંઠ પ્રવર્તી રહી છે ત્યારે વડાપ્રધાને પણ કઠોર વલણ અપનાવ્યું છે. સંસદમાં છેલ્લા ઘણાં દિવસથી કામગીરી ચાલી શકી નથી. ભાજપને મનમોહનસિંહે સ્પષ્ટ જવાબ આપી દીધો છે. સિંહે પોતાના ઉપર થયેલા આકારા પ્રહારોનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે વડાપ્રધાન પદનું એક ગૌરવ હોય છે. તેઓ આ હોદ્દાનું ગૌરવ જાળવી રાખવા કટીબદ્ધ છે. તેમના

રાજીનામાંનો કોઇ પ્રશ્ન જ નથી. ભાજપને ચુંટણી સુધી રાહ જોવી પડશે. કોલસા ફાળવણી મામલામાં વડાપ્રધાને કઠોર વલણ અપનાવતા કહ્યું હતું કે તેઓ બીનજરૂરી ચર્ચામાં ઈચ્છતા નથી. આ સંબંધમાં કોઈપણ પ્રકારનાં આક્ષેપપ્રતિઆક્ષેપમાં પણ પડવા માંગતા નથી. તેમણે એમપણ કહ્યું હતું કે વિરોધ પક્ષોએ બીનજરૂરી ધાંધલ ધમાલ કરવી જોઈએ નહીં. સરકારની કામગીરી આના લીધે ખોરવાઈ જાય છે. રાહુલ ગાંધી કેબિનેટમાં સામેલ થશે કે કેમ તે અંગે પુછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે રાહુલ ચોક્કસ પણે કેબિનેટમાં સામેલ થશે. મનમોહનસિંહે એમપણ કહ્યુંહતું કે તેઓ વડાપ્રધાન પદને લોકપાલની હદમાં લાવવાની તરફેણમાં છે. વડાપ્રધાન મનમોહનસિંહ ચાર દિવસની તહેરાન યાત્રા પુર્ણ કરીને આજે સ્વદેશ પરત ફર્યા હતા. આ યાત્રા દરમિયાન મનમોહનસિંહ નામની શિખર બેઠકમાં જોડાયા હતા. ઈરાન અને પાકિસ્તાનનાં પ્રમુખ સાથે પણ બેઠક યોજી હતી. પાકિસ્તાની પ્રમુખ ઝરદારી સાથે ગુરૂવારે બેઠક યોજાઈ હતી જેમાં આતંકવાદનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

વડાપ્રધાને શું કહ્યું.....

- કોલસા બ્લોક ફાળવણીનાં મામલે રાજીનામું આપવાનો પ્રશ્ન નથી
- ભાજપે બીનજરૂરી અડચણો ઉભી કરવી જોઈએ નહીં
- કોલસા બ્લોક ફાળવણીનાં મામલામાં બીનજરૂરી ચર્ચામાં પડવા માંગતા નથી
- આક્ષેપપ્રતિઆક્ષેપમાં પણ પડવા માંગતા નથી
- ભાજપનાં તમામ આરોપો પાયા વગરનાં છે
- રાહુલ ગાંધી કેબિનેટમાં સામેલ થશે તેવી આશા વ્યક્ત કરી
- વડાપ્રધાનનાં હોદ્દાને લોકપાલની હદમાં લાવવાની હદમાં છે

રોકાણકારોને ૧૭૪૦૦ કરોડ પરત આપવા સહારાને આદેશ

નવી દિલ્હી, તા.૩૧

સહારા ગ્રુપને આજે મરણતોળ ફટકો પડ્યો હતો. કારણ કે સુપ્રીમ કોર્ટે ૧૫ ટકા વ્યાજ સાથે ત્રણ મહિનાની અંદર જ તેના રોકાણકારોને આશરે ૧૭૪૦૦ કરોડની રકમ રિફન્ડ કરવા તેની કંપનીઓ પૈકીની બે કંપનીઓને આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે સિક્યુરીટીઝ એપ્લેટ ટ્રીબ્યુનલ (સેટ)ને પડકાર ફેંકી સહારા ગ્રુપ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને સ્વિકારી લીધી હતી. તેની અરજીમાં સહારા ગ્રુપે કહ્યું હતું કે રોકાણકારોનાં હિતોનું રક્ષણ કરવા તેની પાસે પુરતી રકમ પડેલી છે. જસ્ટિસ કે એસ રાધાકૃષ્ણન અને જે એસ કેહારની બનેલી બેંચે કંપનીઓ સામે પગલાં લેવા સેબીને આદેશ કર્યો હતો. સહારા ઈન્ડિયા રિયલ એસ્ટેટ કોર્પોરેશન અને સહારા હાઉસીંગ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન સામે શરતી

પગલાં લેવા સેબીને કડક સૂચના આપી દેવામાં આવી છે. સુપ્રીમની બેંચે કહ્યું છે કે જો આ કંપનીઓ નાણાં પરત આપવા નિષ્ફળ જાય તો તેમની સામે કઠોર પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. કોર્ટે સેબી સમક્ષ દસ દિવસની અંદર રોકાણકારોનાં નાણાં સાથે સંબંધિત તમામ દસ્તાવેજો રજુ કરવા સહારા ગ્રુપને આદેશ કર્યો છે. સુપ્રીમે રિફન્ડ આપતા પહેલા રોકાણકારોની વિશ્વનિયતા ચકાસવા પણ સેબીએ કહ્યું છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું છે કે જો તેના આદેશને પાળવામાં આ કંપનીઓ નિષ્ફળ જાય તો બંને કંપનીઓના બેંક ખાતાઓ ફ્રીઝ કરવા અને અન્ય સંપત્તિ સ્થગિત કરવા પણ રેગ્યુલેટરી બોડીને કહેવામાં આવ્યું છે. અન્ય સંબંધિત માહિતી એકત્રિત કરવા ઉપરાંત તેમના વાસ્તવિક ગ્રાહક નેટવર્ક શોધી કાઢવા કંપનીઓ સામે તપાસ કરવા માટે પણ સેબીને સૂચના આપવામાં આવી છે. સહારાની બે કંપનીઓ સામે સેબી દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ ઉપર નજર રાખવા ભૂતપૂર્વ જજ બી એન અગ્રવાલની પણ નિમણૂક કરી છે. સુપ્રીમ કોર્ટે સુક્યુરિટીઝ એપલેટ ટ્રીબ્યુનરના આદેશને યોગ્ય ઠેરવ્યો હતો. વૈકલ્પિક રીતે સંપૂર્ણપણે રૂપાંતર પાત્ર ડિબેન્ચર મારફતે રોકાણકારો પાસેથી એકત્રિત કરવામાં આવેલા ૨૪૦૦૦ કરોડની રકમ ચૂકવી દેવા સહારા ગ્રૂપની બે કંપનીઓને સેટના આદેશને સુપ્રીમે યોગ્ય ઠેરવ્યો હતો. સહારાએ નવેમ્બર મહિનામાં સેટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સહારા ઈન્ડિયા રિયલ એસ્ટેટ કોર્પ અને સહારા હાઉસીંગ ઈન્વેસ્ટમેન્ટ કોર્પ દ્વારા સેટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરીને તીવ્ર રજૂઆતો કરી હતી. ઓક્ટોબર મહિનામાં સેટે વ્યાપક રિફન્ડ ઓપરેશન પરિપૂર્ણ કરવા કંપનીઓને છ સપ્તાહની મહેતલ આપી હતી.

સમાચાર ઝલક

- કર્ણાટકમાં ઇન્ડિયમ મુજાહીદ્દીનના નેટવર્કનો પર્દાફાશ, ૯ શખ્સોની ધરપકડ.
- પૈસા ખર્ચવા મામલે ગ્રામીણોએ શહેરીઓને પાછળ પાડી દીધા.
- નિવૃત્તિની હાલ કોઇ યોજના નથી : સચિન તેન્ડુલકર
- ઝડપી ઇ-ટિકીટ બુકિંગ માટે નવી ડિપોઝીટ યોજના શરૂ થશે.
- પાકિસ્તાનમાં રોકાણ કરવા ભારતીય કંપનીઓને મંજૂરી અપાશે.
- જાપાનમાં ધરતીકંપ, હૃદયરોગની સંખ્યામાં વધારો.
- સંસદમાં ચોમાસા સત્રનો ૬૫% ટકા સમય વેડફાઇ ગયો.
- ઇરાનમાં મળેલ નામ સંમેલનની સફળતાથી અમેરિકન પ્રમુખ ઓબામા લાલઘૂમ.
- હવે કેન્દ્રીય પ્રધાનમંડળમાં ફેરફારની તૈયારી, અનેક મંત્રીઓના ખાતા બદલાશે.
- અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું મંગળવારે દેશવ્યાપી કોલેજ બંધનું એલાન.
- કોલસા બ્લોકની ફાળવણી રદ્દ થાય તો બેંકોના રૂા. ૩૭,૦૦૦ કરોડ ડૂબશે.
- મુંજાતા નહી !!! મેઘરાજાએ બેટીંગ કરવાની શરૂઆત કરી, આવતા સપ્તાહમાં સટાસટી બોલાવશે.
- ગુજરાત ચૂંટણી પૂર્વે જ અફઝલ ગુર - કસાબ બંનેને ફાંસી અપાશે.
- પશુ આહારના વાંકે પશુઓની હિજરત નહિ થાય.
- ગોંડલના સુપ્રસિધ્ધ રામજી મંદિરમાં ૬ લાખના આભૂષણો - રોકડની ચોરી.
- દહેજ કાનૂનમાં ફેરફાર થશે, સગાં-વહાલાંઓને મળશે મુક્તિ.

કુંદાકુલમ પરમાણુ પ્લાન્ટને મદ્રાસ હાઈકોર્ટની લીલીઝંડી

ચેન્નાઈ, તા.૩૧

એક મહત્વપૂર્ણ ચુકાદામાં મદ્રાસ હાઈકોર્ટે કુંદાકુલમ ન્યૂક્લીયર પાવર પ્રોજેક્ટને અમલી બનાવવા આગળ વધવા લીલીઝંડી આપી દીધી છે. આ પ્રોજેક્ટને ઓપરેશનમાં મૂકી દેવા મંજૂરી મળી જતાં હવે આ દિશામાં ઝડપથી આગળ વધવામાં આવશે. અરજીનો નિકાલ લાવતા મદ્રાસ હાઈકોર્ટે કુંદાકુલમ ન્યુક્લીયર પાવર પ્રોજેક્ટના યુનિટ-૧ અને યુનિટ-૨ને શરૂ કરવા માટે મંજૂરી આપી દીધી છે. કોર્ટે એવી દલીલોને ફગાવી દીધી હતી કે પ્રોજેક્ટને પર્યાવરણ મંજૂરી લેવાની જરૂર છે. કોર્ટે કુંદાકુલમ ન્યૂક્લીયર પાવર પ્રોજેક્ટની આસપાસ સ્કૂલ અને હોસ્પિટલ બનાવવાનો પણ આદેશ કર્યો છે.

પ્રોજેક્ટ માટે પર્યાવરણની મંજૂરી મેળવવા ઉપરાંત અરજીદાર જી સુંદરરાજન દ્વારા કરવામાંઆવેલી અરજીમાં પ્લાન્ટ ખાતેસ્થાપિત રશિયન રિએક્ટરો

ઉપર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી. બુધવારના દિવસે કુંદાકુલમ ન્યુક્લીયર પાવર પ્રોજેક્ટ સામેઅરજીનોનિકાલ લાવતી વેળા હાઈકોર્ટે સુંદરરાજનની અરજી પર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. અદાલતે અગાઉ તમિલનાડુ પોલ્યુસન કંટ્રોલ બોર્ડ દ્વારા જારી કરવામાં આવેલા આદેશને સ્વીકારી લીધો હતો. ચેન્નાઈથી આશરે ૬૫૦ કિલોમીટરના અંતરે સ્થિત તિરુનવેલી જિલ્લામાં મેગા એટોમીક પાવર પ્રોજેક્ટ માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જારી કરવામાં આવેલા આદેશને સ્વીકારી લીધો હતો.

પર્યાવરણ રક્ષણ નિયમ ૧૯૮૬ મુજબ દરિયાઈ પાણીનો ઉપયોગ કરતા થર્મલ પાવર પ્લાન્ટોને પાણીના તાપમાનને ઘટાડવા એક એવી વ્યવસ્થા અમલમાં મૂકવી જોઈએ. સુંદરરાજને જુલાઈ મહિનામાં જારી કરવામાં આવેલા તમિલનાડુ પોલ્યુસન કંટ્રોલ બોર્ડના મંજૂરી આદેશની કાયદેસરતા સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

અરૂણ ગવળીને આજીવન કારાવાસની સજા

મુંબઈ, તા.૩૧

સ્પેશ્યલ મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાંઈમ એક્ટ (મકોકા) કોર્ટ આજે શિવસેનાના કોર્પોરેટર કમલાકર જામસાન્ડેકરની ઘાતકી હત્યાના કેસમાં ગેંગસ્ટરમાંથી રાજકારણી બનેલા અરૂણ ગવળી અને અન્ય ૧૦ને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. પ્રથમ વખત એક હાઈપ્રોફાઈલ ગેંગ લીડરને કેસમાં સજા ફટકારવામાં આવી છે. સ્પેશિયલ મકોકા જજ પૃથ્વીરાજ ચૌહાણે ગવળી ઉપર ૧૭ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. જો દંડની ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે તો વધુ ત્રણ વર્ષની જેલની સજા થશે. ગવળી ઉપરાંત અન્ય ૧૦ શખ્સોને પણ આજીવન કારાવાસની સજા આ કેસમાં કરવામાં આવી હતી. જામસાન્ડેકરની હત્યાના મામલામાં કાવતરું ઘડી કાઢવામાં આ તમામ શખ્સો દોષિત જાહેર થયા છે. આર્મ્સ એક્ટ હેઠળ દોષિત જાહેર થયેલા સુનિલ ઘાટેને ત્રણ વર્ષની જેલની સજા કરાઈ છે. કોર્ટે ગવળીને ઓર્ગેનાઈઝ્ડ ક્રાંઈમ સિન્ડીકેટ અને ખંડણીનાં મામલામાં સંડોવણી બદલ આકરી સજા કરાઈ છે. જજ ચૌહાણે સજાની જાહેરાત કરતાં કહ્યું હતું કે મૃત્યુદંડની સજાની બદલે હું આજીવન કારાવાસની સજા આપી રહ્યો છું. મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાંઈમ એક્ટ કોર્ટ સમક્ષ સજા અંગે દલીલો વેળા એક વખતનાં કુખ્યાત ડોને કહ્યું હતું કે ૩૦ લાખ રૂપિયાની રકમ માટે તે હત્યા કરવાનો ઈરાદો ધરાવતો ન હતો. ગયા શુક્રવારે કોર્ટે ભુતપુર્વ ધારાસભ્ય અને અન્ય ૧૧ને વર્ષ ૨૦૦૮માં જામસાન્ડેકરની હત્યા

બદલ અપરાધી ઠેરવ્યા હતા. ચાર્જશીટ મુજબ સેનાના કોર્પોરેટરને જમીન સોદાબાજીનાં મામલે મારી નાખવા ગવળી ગેંગેને ૩૦ લાખ રૂપિયા ચુકવવામાં આવ્યા હતા. આરોપી પૈકીના એક બાલા સુર્વેનું ટ્રાયલ દરમિયાન મોત થયું હતું. જ્યારે અન્ય ત્રણ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવામાં આવ્ય હતા. સુનાવણી દરમિયાન જજ પૃથ્વીરાજ ચૌહાણે ખુલ્લી કોર્ટમાં કહ્યું હતું કે ગવળી ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સિડીકેટના સભ્ય તરીકે હતો. તે ખંડણીમાં પણ સામેલ હતો. મુંબઈ પોલીસે ગેંગસ્ટર માટે મૃત્યુદંડની સજાની માંગ કરી હતી. અત્રે નોંધનીય છે કે શિવસેનાના કોર્પોરેટર કમલાકરને ઉપનગરીય ઘાટકોપરમાં તેમના આસલફા નિવાસ સ્થાને માર્ચ-૨૦૦૮માં ઠાર મારી દેવામાં આવ્યા હતા. ગવળીની ૨૧મી માર્ચ ૨૦૦૮ના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદથી અરૂણ ગવળી સતત કસ્ટડીમાં છે. ૭મી ઓક્ટોબર ૨૦૧૦ના દિવસે કોર્ટે ગવળી અને અન્ય આરોપી સામે મકોકા, કલમ-૩૦૨, ૩૪, ૧૨૦બી હેઠળ આરોપો ઘડ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ શિવસેનાના કોર્પોરેટરની હત્યા કરવાનો કોન્ટ્રાક્ટ આરોપી સાહેબરાવ ભીનટાડે અને બાલાસુર્વે દ્વારા આપવામાં આવ્યો હતો. આ બંને બિઝનેસ અને સ્થાનિક રાજકારણમાં કમલાકરને હરીફ તરીકે ગણતા હતા. ક્રાંઈમ બ્રાંચે કહ્યું છે કે કમલાકરની હત્યા કેમ કરાઈ તેના માટે અન્ય ઘણા પરીબળો પણ જવાબદાર હતા. ભીનટાડે અને સુર્વેની નજર ઉપનગરીય મુંબઈમાં સાકીનાકા ખાતેના એક પ્લોટ ઉપર નજર હતી. કમલાકરઆમા સહકાર કરી રહ્યા ન હતા. સહઆરોપી સાથે મળીને ગવળીએ પણ ભુમિકા ભજવી હતી. ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું હતું કે હત્યા કરવા માટે ગવળી ગેંગેને ૩૦ લાખ રૂપિયાની ચુકવણી કરવામાં આવી હતા. ગવળીની ૨૧મી માર્ચ ૨૦૦૮ના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. સમગ્ર મામલામાં ટ્રાયલ ઓક્ટોબર ૨૦૧૦માં શરૂ થઈ હતી.

૩૯૯૯ની કિંમતમાં નવા સસ્તા ટેબલેટ લોંચ થયા

નવી દિલ્હી, તા.૩૧

ટેલિકોમ સાધન બનાવતી કંપની ટેરાકોમે એમટીએનએલ સાથે ભાગીદારીમાં આજે ત્રણ ટેબલેટ પીસી લોંચ કર્યા હતા. એમટીએનએલ દ્વારા લોંચ કરાયેલા ટેબલેટની કિંમત ૩૯૯૯ રૂપિયા રાખવામાં આવી છે. ટેરાકોમનાં ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અરોરાએ પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે એમટીએનએલ સાથે ભાગીદારી કરીને અમે ૧૦૯૯૯ની કિંમતનાં પણ ટેબલેટ લોંચ કરી રહ્યા છીએ. જ્યારે એન્ટ્રી લેવલનાં મોડેલની કિંમત ૩૯૯૯ છે. વાયફાય લક્ષી અને ઉજી ડોંગલ સપોટેડ લોફ્ટી ટેબલેટ પણ લોંચ કરવામાં આવ્યા છે. એમટીએનએલનાં સીએમડી એકે ગર્ગે માહિતી આપતાં કહ્યું છે કે અમે આ ટેબલેટની ચકાસણી કરી ચુક્યા છીએ. કસ્ટમરો ચોક્કસપણે આની તરફ આકર્ષીત થશે. આ ભાગીદારી હેઠળ એમટીએનએલ લોફ્ટી ટેબલેટની ખરીદી પર કસ્ટમરોને તેના ઉજી નેટવર્ક પર ૧૦ જીબી ડેટા યુસેઝ (ઈન્ટરનેટ)ની ઓફર કરશે. આ તમામ ટેબલેટ ગુગલનાં એન્ડ્રોઈડ પ્લેટફોર્મ ઉપર આધારીત છે. ૧૦ જીબીનો ઉપયગો પ્રથમ બે મહિનાનાં ગાળા માટે કરી શકાશે. એમટીએનએલનાં કારોબારી ડિરેક્ટર એકે ભાર્ગવે કહ્યું હતું કે લોફ્ટી ટેબલેટ એમટીએનએલ સંચાર મારફતે વેચવામાં આવશે.

પ્રથમ ત્રિમાસિક ગાળામાં વૃદ્ધિદર ૫.૫ ટકા નોંધાયો

નવી દિલ્હી, તા.૩૧

વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશનો વૃદ્ધિદર ૫.૫ ટકા નોંધાયો છે. જે ગત નાણાંકીય વર્ષના ચોથા ત્રિમાસિક ગાળાના ૫.૩ ટકાના દરની તુલનાએ સામાન્ય વધારે છે. જ્યારે ગત નાણાંકીય વર્ષના આ જ ગાળામાં વૃદ્ધિદર ૮ ટકા હતો. બીજી બાજુ ગત વર્ષના ૭.૮ ટકાના દરની સામે વાર્ષિક વૃદ્ધિદર ઘટીને ૬.૫ ટકા થયો છે. જે છેલ્લા ૩ વર્ષની નીચી સપાટીએ છે. ગત નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ના અંતમ ગાળાના ૧.૭ ટકાના દર સામે ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કૃષિક્ષેત્રનો વૃદ્ધિ દર ૨.૯ ટકા નોંધાયો છે. જે અર્થતંત્ર માટે હકારાત્મક બાબત રહી છે. બીજી બાજુ વીજ, ગેસ અને પાણી પુરવઠાનો દર ગત નાણાંકીય વર્ષના અંતિમ ગાળાના ૮ ટકા દરની સામે વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ ગાળામાં ઘટીને ૬.૩ ટકા રહ્યો છે. ખાણ અને ખનિજ ક્ષેત્રનો વૃદ્ધિ દર ૦.૧ ટકા રહ્યો છે. જે ગત નાણાંકીય વર્ષના સમાન ગાળામાં ૦.૨ ટકા હતો. વેપાર, હોટલ, ટ્રાન્સપોર્ટ, અને કોમ્યુનિકેશન ક્ષેત્રનો વૃદ્ધિ દર ૪ ટકા રહ્યો છે. જેની તુલનામાં તે ગત વર્ષે ૧૩.૮ ટકા હતો. ગત નાણાંકીય વર્ષના આ જ ગાળાના ૩.૫ ટકાના દરની તુલનાએ બાંધકામ ક્ષેત્રનો વૃદ્ધિદર ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ગાળામાં ૧૦.૯ ટકા નોંધાયો છે. વીમા અને રીયલ એસ્ટેટ સહિત સર્વિસ ક્ષેત્રનો વૃદ્ધિદર ૧૦.૮ ટકા નોંધાયો છે.

બેંગ્લોર ટેસ્ટના પ્રથમ દિવસે ન્યુઝીલેન્ડનાં છ વિકેટે ૩૨૮

બેંગ્લોર,તા.૩૧

બેંગ્લોરનાં ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે શરૂ થયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચનાં પ્રથમ દિવસે આજે કેપ્ટન ટેલરનાં શાનદાર ૧૧૩ રનની મદદથી ન્યુઝીલેન્ડે છ વિકેટ ગુમાવીને ૩૨૮ રન બનાવ્યા હતા. પ્રથમ દિવસની રમત બંધ રહી ત્યારે ન્યુઝીલેન્ડે પોતાની સ્થિતી મજબુત બનાવી હતી. આજે ખરાબ પ્રકાશનાં કારણે મેચ નિર્ધારીત સમય કરતાં પહેલા બંધ કરી દેવામાં આવી હતી. આજે રમત બંધ રાખવામાં આવી ત્યારે યાક ૬૩ અને બ્રેસવેલ ૩૦ રન સાથે રમતમાં હતા. ન્યુઝીલેન્ડે શરૂઆત ખુબ જ નિરાશાજનક કરી હતી અને પ્રથમ વિકેટ શુન્ય રનમાં ગુમાવી દીધી હતી. બીજી વિકેટ પણ ન્યુઝીલેન્ડે ૬૩ રનમાં ગુમાવી દીધી હતી. ત્રીજી વિકેટમાં ૮૯ રનમાં પડી ગઈ હતી. પરંતુ ત્યારબાદ ચોથી વિકેટનાં

ભાગીદારીમાં કેપ્ટન અને ફલાયને બાજી સંભાળી લીધી હતી. પ્રથમ ટેસ્ટ મેચમાં નિષ્ફળ રહ્યા બાદ કેપ્ટન ટેલરે ઓઆજે ૧૨૭ બોલમાં ૧૬ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી શાનદાર ૧૧૩ રન બનાવ્યા હતા. ટેલરની ઝડપી સદીનાં પરિણામ સ્વરૂપે ન્યુઝીલેન્ડ મજબુત સ્થિતીમાં આવી ગઈ હતી. ભારત તરફથી ઓઝાએ ૯૦ રન આપી ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે ઝહીર ખાન અને અશ્વીને એક એક વિકેટ ઝડપી હતી. અગાઉ ટોસ જીતીને ન્યુઝીલેન્ડે પહેલા બેટીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણય ખતરનાક સાબિત થયો હતો. ન્યુઝીલેન્ડે શરૂઆતની ત્રણ વિકેટ નિયમિત ગાળામાં ગુમાવી દીધી હતી. પરંતુ ત્યારબાદ કેપ્ટને બાજી સંભાળી લીધી હતી. ભારત બે ટેસ્ટ મેચોની શ્રેણીમાં ૧-૦ની લીડ ધરાવે છે.

શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

શાળામાં બાળક ભણવા જાવ ત્યારે ખૂબ જ આનંદ કિલ્લોલ. સાથે જાય ને દરેક વાલીએ જોવાની જરૂર છે. બાળક એ મુક્ત ગગના પંખી જેવા છે. તેમણે બાળપણમાં હરવું ફરવું ને આનંદ કિલ્લોલ કરવો ખૂબ ગમે, તો તેને ગમતું કરવા દેવું. તેના રમત-ગમતમાં કોઈ વિક્ષેપ નહીં પાડતાં સમયની મર્યાદામાં હરવા ફરવા અને રમવા દેવું. એની રૂચિ તરફ ધ્યાન આપી તેના ભણતર તરફ લઈ જવું. તેના તરફ પ્રેમ અને આનંદની લાગણી રાખી ભણવામાં મદદરૂપ થવું. ખૂબ જ જરૂરી છે. જેટલી શિક્ષકની બાળક પ્રત્યે અભ્યાસ કરાવવાની ફરજ છે, તેટલી જ બાળકના માતાપિતાની વાલીઓની બાળકને ભણતરમાં લગાવ રાખે તે જોવાની ફરજ છે. ફરજ જ નહીં બલ્કે જવાબદારી પણ છે. કુટુંબ અને માતાપિતા એતો બાળકના ઉચ્ચત્તમ સંસ્કારોની પ્રથમ યુનિવર્સિટી છે. જેના જીવનનના ઘડતરમાં મૂળ પાયામાં પ્રથમ જવાબદારી રહેલી છે. અને બાળકના જીવનના ઘડતરમાં માતાપિતા પાયાનું ચણતર છે. જેથી તેઓ પણ આર્થિક, સામાજિક, આધ્યાત્મિક, શૈક્ષણિક રીતે સુસજ્જ હોવા જરૂરી છે. તો જ આપણું કુટુંબ સુધરશે, સમાજ સુધરશે, રાષ્ટ્ર સુધરશે અને વિશ્વ સુધરશે, અને સમગ્ર વિશ્વમાં સુખ શાંતિ સ્થપાશે. વિશ્વ બંધુત્વની ભાવના આપમેળે ઉત્કૃષ્ટ બનશે. એજ અભ્યર્થના...

આગવો માણસ આપણો માણસ

● બીજા પાનાનું અનુસંધાન

ઈશ્વરકૃપાથી કાર ખીણમાં ગબડતાં અટકી ગઈ અને કારના તમામ પ્રવાસી બચી ગયા. ડૉ. ને લાગ્યું વૃદ્ધોના આર્શીવાદથી જ નવી જીંદગી મળી છે. આ નવા અવતારમાં ડૉ. બોઘાણીએ સમાજસેવાની પ્રવૃત્તિ પાછળ વધારે સમય આપતા ગયા. હવે તેઓ ફૂલ ટાઈમ ડૉ.માંથી ફુલટાઈમ સમાજ સેવક બની ગયા છે! ગાંધીનગરમાં યોજાતાં મેડિકલ કેમ્પોમાં પોતાની સેવા આપે છે. ભૂતકાળની ધીખતી પ્રેકટીસના સુખ

અને વર્તમાન સમાજ સેવાના સંતોષ વચ્ચેની તુલના કરતી વેળા તેમને સુખ કરતાં સંતોષનું પલ્લું વધારે નમતું લાગતું... વાણિયાના દિકરાને તો નમતું જ ખપે ને ? કમાણી જૂદી બાબત છે અને કમાણીનો સંતોષ જૂદી વસ્તુ છે. પુણ્યની કમાણી અને તેનો સંતોષ તો સેવાના કાર્યો કરીને જ પ્રાપ્ત કરી શકાય છે! જીવનને સમૃદ્ધ બનાવવા કરતાં સફળ કેમ બનાવવું તે માર્ગ ડૉ. બોઘાણીને જડી ગયો હતો.

આજકાલ સેવા પણ તલવારની ધાર પર ચાલવા જેવી જોખમી બની રહી છે પણ ડૉ. બોઘાણીને જોખમનો છેજ ઊડાડી દીધો છે. તેઓ વહિવટ પારદર્શક અને હિસાબો ચોખ્ખા રાખે છે. મળેલા દાનમાંથી ખરીદેલી દવાઓનું બીલ રૂબરૂ કે ટપાલ દ્વારા પોતાના સ્વ ખર્ચે દાતાને મોકલી આપવાની પ્રથાને કારણે આંગળી ચીંધવાનો ડર તેમને ઊંઘમાં ય સતાવતો નથી. આ ઉપરાંત, સંસ્થાના લેટર પેડ પર જેતે દાતાઓને આભારપત્ર મોકલવાનો શિષ્ટાચાર પણ ડૉ. બોઘાણી ભૂલતાં નથી. તેમની વિશ્વનિયતાને કારણે દવાઓ ઉપરાંત બીજી કેટલીક જવાબદારીઓ માટે પણ લોકો તેમને અવારનવાર તસ્દી દેતાં હોય છે.

મિ. બેનરજીએ દીધી હતી તેમ ! મિ.બેનરજીને ત્યાંથી આવેલ ખાદ્ય સામગ્રીનો સદઉપયોગ ક્યાં થશે તેમી તેમને બરાબર જાણ હતી. મોડર્ન ફૂડ વૃદ્ધો કરતાં બાળકો અને ખાસ કરીને જેમને આહારમાં દૂધ અને બ્રેડ મળતાં હોય તેવા સ્થળે વધુ સારી રીતે વાપરી શકાશે તેમ લાગતા. મિ. બેનરજી તરફથી મળેલ બધો સમાન તેઓ સેકટર-૧૯માં આવેલ સ્પેશ્ય ચીલ્ડ્રન હોમ (૨૮ એચ.આઈ.વી. પોઝીટીવ બાળકો અહીં રહે છે) ના બાળકોના ઉપયોગ માટે લઈ ગયા. દાનમાં મળેલ ચીજ વસ્તુઓનો કૂનેહપૂર્વકનો ઉપયોગ તો ડૉ. બોઘાણી જેવા કોઠા સૂઝના માણસ જ કરી શકે!! ઘણું જીવો ડૉકટર પ્રવીણભાઈ બોઘાણી !

ડહાપણનો ભાર નિત્ય તો ઊંચકી શકાય ના,
પાગલ થવાની થયા છે ઈચ્છા કદી કદી!... રતિલાલ 'અનિલ'

હથોડી અને ટાંકણું (પાના નં. ૪ નું ચાલુ)

લાઈન લાંબી હોય અને વચ્ચે ગૂસ મારી કામ કરનારા બીજા આગળ પોતાની મહાનતા પ્રગટ કરી બુધ્ધિશાળી કે ચતૂર હોવાનું સાબિત કરે છે. પણ શું એ યોગ્ય છે? લાઈનમાં ઉભા રહેનારાં શું મૂર્ખ છે? ના, ખરેખર તો તે યોગ્ય નાગરિક છે. બધે આવું ચાલે છે. માટે બરોબર વહીવટ કર્યો ગણાય તેમ માની આ બદી ફુલીફાલી રહી છે.

સુસંસ્કૃત માણસની છાપ સાફ-સુથરી હશે. ભલે તેને અન્યાય થાય તે સિધ્ધાંતને વળગી રહે છે. કદાચ આવા સંસ્કૃત લોકોને લીધે 'મેરા ભારત મહાન' એવું આપણે બોલી શકીએ છીએ.

કદાચ બદલાતા જમાનાની આ અસરો હશે. પરંતુ જોવા મળ્યું છે તેમ યુવા પેઢી હવે નવા રૂપરંગે તૈયાર થઈ રહી છે. સંસ્કાર, શિસ્ત, સહૃદયતા, સૌમ્યતા, આદર, સન્માન, દેશદાઝ, ને માર્ગે યુવાનો આગળ ધપી રહ્યાં છે.

એક નવી ફૌજ તૈયાર થઈ રહી છે યુવા ફૌજ. તે વિચારે છે - સમજે છે અને વિકાસના માર્ગે જે યોગ્ય હોય ત્યાં તેમનો હાથ ચિંધી દિશાદર્શક બની રહ્યાં છે. જરૂર છે આવાજ યુવાનોની, અને જયારે તમામ 'યુવાનોમાં આવી ભાવના જાગશે અને સાથે મળી કહેશે, ત્યારે ભારતનો ત્રિરંગો સપ્તરંગી બની લહેરાશે.'

**"જાઓ તુમ કીસી તૂફાન કો લે આઓ,
હમ વોં ચટ્ટાન હૈ, ટકરાઓગે તો ચૂરચૂર હો જાઓગે."**